સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

તંત્ર એ 'પસંદગી સેવા' ને ગૌણ બનાવી દીધી,
અને 'કૂંપાવત ભરતી' શૈલી અપનાવી લીધી,
મલાઇ, મહત્ત્વ, મહિમા મળશે વિભાગો ને -
ખોલ્યાં દ્વાર ખાયકીનાં દિવાળી મનાવી લીધી

હાઈકુ

ગુજ્જુતા નહીં -
દબાઇ માનવતા -
ધરતી કંપે..
(સ્વાર્થી વલણ?!)

વગાડે ઢોલ!
સોશિયલ મિડિયા!
ખરીદી લીધો!?
(કર્કશ અવાજ)

ચિંતન

ભિક્ષા કંથા શ્લથા તે ન હિ સફારિ વિધે જાલમ શ્રાસિ સત્સ્યાં સ્તે યે મધોપદેંશાઃ
પિલસિ મધુ સમં વેશ્યયા યાસિ વેશ્યામ્ ।
દત્ત્વા અંગાઘ્રિં મુર્ધ્ધરીણા તવ કિમુ રિપવો ભિત્તિ ભેત્તાસ્મિ યેષાં ચોરો અસ્મિ ધૂત હેતો
સર્વાય સકલ નિદ્દં નાસ્તિ ભ્રષ્ટે વિચારઃ ॥

કવિ - અરે ભિક્ષુક તારી આવી તૂટી-ફૂટી છીંડા વાળી ગોદડી કેમ છે?
ભિક્ષુક - અરે! આ ગોદડો નથી માછલાં પકડવાની જાળ છે.
કવિ - અરે તું માંસાહારી પણ છે?
ભિક્ષુક - દારુની સાથે માંસાહાર સારો લાગે -
કવિ - તો તો દારુ પણ પીવે છે કે?
ભિક્ષુક - ના - ના, એ તો વેશ્યાગમન વખતે જ પીવાનો થાય છે.
કવિ - તો વેશ્યાગમનની પણ તારી ફુટેવ છે!
ભિક્ષુક - શત્રુઓથી ત્રાસી જાઉં ત્યારે જ જાઉં છું.
કવિ - પણ તારે શત્રુઓ શા માટે છે?
ભિક્ષુક - જુગારમાં હાર્યા હોઇએ એટલે ચોરી કરવી પડે અને જેના ઘરમાં ચોરી કરી હોય તે લોકો તો શત્રુ થાય જ ને?
કવિ - અરે..રે! તો તો તું સર્વ દુગુર્ણ સંપન્ન છે.
ખરેખર માનવીનું એકવાર પતન થાય છે તેનું અધઃપતન નિશ્ચિત જ છે.

સુવિચાર

- **સોના અને હીરાની માફક, પ્રશંસાનું મૂલ્ય માત્ર તેની અછતમાં જ રહેલું છે - વજુ કોટક**
- **વર્તમાનકાળની ફરજોને આપણે વફાદાર રહીએ તો ઇશ્વર ભવિષ્ય માટેની જોગવાઇ કરી આપે છે - સમયસૂત્ર**
- **વાસનાઓને ત્યાગો.. ચિંતાઓ પોતે જ તમારો પીછો છોડી દેશે - ફાધર વાલેસ**
- **બાળકને તમે સજા કરો તે પહેલાં ખાતરી કરી લેજો કે તેના ગુનાનું કારણ તમે પોતે તો નથી ને? - એસ. ભટ્ટાચાર્ય**
- **દુર્જનને સજ્જન મળે તો તે સજ્જન થાય.. દૂધ તણા સત્સંગમાં, જળ પણ ઉજ્જવળ થાય - પૂજ્ય મોટા**
- **દસ લોકોમાંથી નવ લોકોનાં દુર્ભાગ્યનું કારણ એ હોય છે કે તેઓ કર્તવ્યને બદલે સુખને પહેલી પસંદગી આપે છે - ડો. વીજળીવાળા**
- **સાચા દિલથી કામ કરનાર માણસને કર્મચારી કહેવાય, બાકી બધા 'જગ્યા રોકુ'.. અધિક કામ કરે તે અધિકારી, બાકી બધા 'વ્યાધિકારી' - ડો. ચંદ્રકાન્ત મહેતા**

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘરમાં કે સમાજમાં ઘણી એવી વ્યક્તિઓ હોય છે જેને ગેરસમજ હોય છે કે હું છું તો જ બધું વ્યવસ્થિત - નિયમથી - કાયદેસર ચાલે છે, હું ન હોત તો આ ઘર-સમાજ-દેશનું શુ થાત?

ઇરાનમાં મોટા મોટા ફિલસૂફો, સંતો, ખગોળશાસ્ત્રીઓ - વૈજ્ઞાનિકોનું એક મોટું સંમેલન ભરાયું અને એમાં એક જ વિષયનો મુદ્દો હતો કે 'આ વિશ્વનો અંત ક્યારે આવશે, પ્રલય ક્યારે થશે? શક્ય હોય તો તારીખ-વાર-વર્ષ સુધીનું સંશોધન કરવું.'

કોઇએ કલિયુગને અંતે, પાપનો ઘડો ભરાઇ જશે ત્યારે, કોઇએ કહ્યું માનવીઓ છોડેલા ગ્રહો ઉપગ્રહો અવકાશમાં જઇ ચક્કાજામ કરશે ત્યારે આમ બધાએ પોતાના જ્ઞાન-પંથ-ધર્મની ફિલસૂફી પ્રમાણે વિચાર વ્યક્ત કર્યા પણ કોઇ નિશ્ચિત સમયની તારવણી ન થઇ શકી.

કોઇ મારા જેવા ટીખડીખોરે કહ્યું, આ દેશમાં નસરુદ્દીન મુલ્લાં રહે છે તે ખૂબ જ્ઞાની છે એ પળવારમાં તારીખ-વાર સહિત દુનિયા ક્યારે ડૂબી જશે એ કહી દેસે.

મુલ્લાં સંમેલનમાં આવ્યા. મુદ્દા સંભળાવવામાં આવ્યો, કહ્યું, મુલ્લાં તમે ચોક્કસવર્ષ તારીખ કહી શકો? મુલ્લાં કહે, એ તો તદ્દન સરળ છે! બધાથી બોલાઇ ગયું. ક્યારે? મારું મૃત્યુ થશે તે જ દિવસે! વૈજ્ઞાનિકો કહે, કેમ? મુલ્લાં કહે, આપ મૂઆ પછી ડૂબ ગઇ દુનિયા..

Email - sureshchandrabhatt18@gmail.com

સ્માર્ટફોન ડિમાન્ડ...!! એડિક્શનથી બચવા ટીનેજર્સ માટે કંડિશન એપ્લાય...!!

પાડોશીનું ઊંચું મોડેલ જોઇ, જુઓને જીવ બાળતો થઇ ગયો, સાલું થોડી રાહ જોઇ હોત તો? એવું ઘરમાંય કહેતો થઇ ગયો, આ માણસ જાણે મોબાઇલ થઇ ગયો!

આજના છાપામાં આવેલા સમાચાર પ્રમાણે આવનારાં અઠવાડિયામાં લગભગ બધાં બોર્ડ એકઝામના રિઝલ્ટ આવી જશે... કેટલાંય મા-બાપે એમના બાળકોને ફોન અપાવવાના વાયદા કર્યા હશે... કેટલાંય બાળકોએ અમુક ટકા કે માર્ક લાવું તો સ્માર્ટ ફોન અપાવવો એવી ડિમાન્ટ કરી હશે... અમુકે માત્ર દેખાદેખી કે પછી કૉલેજમાં જઇએ એટલે સ્માર્ટ ફોન તો જોઇએ જ, વૉટ્સએપ - ફેસબુક જરુરી છે એવી જીદે ચઢીને મા-બાપને બાનમાં લીધા હશે... એ જે હોય તે પણ ટીનેજર્સના હાથમાં સ્માર્ટ ફોન આવવાની આ બેસ્ટ સિઝન હોય છે!!

અમેરિકન મમ્મી જેનેલ હૉફમેને એના ૧૭ વર્ષના છોકરા ગ્રેગને આયફોન લાવી આપ્યો અને એ સાથે એણે ૧૮ શરતો પર મુકી. દુનિયામાં ચર્ચાનો વિષય બનેલી ગ્રેગના મમ્મીની આ વાત... જેનેલ હૉફમેન એક અમેરિકન મમ્મી એને પાંચ બાળકો છે. એનાં ૧૭ વર્ષના ગ્રેગની છેલ્લાં બે વર્ષથી સ્માર્ટફોન માટે સતત ડિમાન્ટ હતી, 'મારે પોતાનો સ્માર્ટફોન જોઇએ અને એ પણ આયફોન...'

જેનેલમાં ધ્યાને આવ્યું કે ગ્રેગના મગજમાં આયફોનનું ભૂંસુ ઘણાં સમયથી ભરાયું છે, એટલે એણે એના પતિ સાથે ચર્ચા કરીને બારમાંના રિઝલ્ટ બાદ આયફોન ગિફ્ટ આપવાનું નક્કી કર્યું... આયપોનની સાથે જેનેલ બીજી પણ એક વસ્તુ એના નવાં નક્કોર ફોનના ખોખામાં મૂકી અને એ હતી શરતોની એક ચિઠ્ઠી... એના છોકરાના હાથમાં નવાં આયફોન સાથે ફોન વાપરવાના કંઇક નિયમ નક્કી કર્યા હતા અને એ ચિઠ્ઠીમાં લખ્યાં હતા... જેનેલ પોતે ઇન્ટરનેટ પર બ્લૉગ લખે છે, ગ્રેગને લખેલી ચિઠ્ઠી પછી એણે બ્લોગ પર પોસ્ટ કરી અને દુનિયાભરની મમ્મીઓ એ વાંચીને ખુશખુશાલ થઇ ગઇ...

નાની ઉંમરમાં ટેકનોલોજી સાથે અપડેટ થવાં ઉતાવળી થતી આજની ટીનેજર્સ પેઢીને કેવી રીતે કંટ્રોલમાં રાખવી અને ટેકનોલોજીના દુષ્પરિણામથી કેવી રીતે બચાવવી? એવી ચિંતામાં રહેતી માતાઓ માટે જેનેલે પોતાના બ્લોગમાંથી એક સુંદર માર્ગ બતાવ્યો છે. 'મારાં છોકરાને ટેકનોલોજીનું વ્યસન ન લાગે, અને એનો દુરપોયગ ન થાય એવું સતત લાગતું હતું. ટેકનોલોજી સાથે એડિક્ટ ન થતાં એનો બેસ્ટ ઉપયોગ કેવી રીતે કરવો એ મારા છોકરાને શિખવવું એવું મને લાગતું હતું. એટલે મેં એના માટે ૧૮ શરતો લખીને તૈયાર કરી.' જેનેલ હૉફમેને એવું લખ્યું છે...

જેનેલ અમેરિકન છે એટલે અમૂક શરતો કદાચ આપણને લાગુ ન પણ પડે. મોટા ભાગની શરતો જો સમજી જઇએ તો ટીનેજર્સ મોબાઇલ વાપરશે તો પણ તેઓ એનામાં ફસાશે નહીં એ નક્કી છે... આવો જોઇએ એની ૧૮ શરતો...

૧. આ આયફોન તારા માટે જ લીધો છે, અને એના પૈસા મેં ચૂકવ્યા છે. એટલે આ ફોન તારો નથી. પણ મેં તને વાપરવા આપ્યો છે, એ યાદ રાખજે.

૨. એ ફોનમાં જો તું પાસવર્ડ નાંખે તો તારે એ મને કહેવો પડશે.

૩. રિંગ વાગે એટલે ફોન ઉંચકવાનો. એ 'ફોન' છે. એના પર તારી સાથે વાત થાય એ એનો મુખ્ય હેતું છે. સિવાય ફોન રિસીવ ન કરવો એ અસભ્યતાનું લક્ષણ છે. એટલે 'મોમ' અને 'ડેડ'ના નામે ફોન પર ફલેશ થાય એટલે તારે એ ફોન ઉંચકવાનો... તરત જ!

૪. રોજ સાંજે ૭.૩૦ વાગે અને શનિવાર - રવિવાર તેમજ રજાના દિવસે રાત્રે ફોન મારી પાસે જમા કરાવી દેવાનો રહેશે. હું એ ફોન બંધ કરીશ અને સવારે ૭.૩૦ વાગે ચાલુ કરીને તને પાછો આપી દઇશ. તારે મોડી રાત્રે કોઇ ફ્રેન્ડને ફોન કરવો હોય તે એનાં ઘરનાં નંબર પર ફોન કરવાનો. એનાં મમ્મી-પપ્પાં પાસેથી કંઇ છૂપાવવા જેવી વાત હોય તો, એવાં ફોન ન કરવા જ વધુ યોગ્ય રહેશે...

૫. સ્માર્ટફોન સ્કૂલ - કૉલેજમાં લઇ જવાનો નહીં. જો કોઇ સાથે ફોન પરથી ચેટિંગ કરવાની ઇચ્છા થાય તો એની સાથે ડાયરેક્ટ વાત કર. આ વાતો કરવું જીવન જીવવા માટે મહત્ત્વનું છે.

૬. આ ફોન પડી જાય, તૂટી જાય, ખોવાઇ જાય અથવા કાંઇ પણ નુકશાન થાય તો એના રિપેરીંગ કે રિપ્લેસમેન્ટ કરવાનું કામ તારું રહેશે. એ માટે તું રજાના દિવસે કોઇ કામ કરીને તારો બર્થ ડે પાર્ટીના ખર્ચા બચાવીને કરી શકીશ... નાતાલના નવા કપડાં ન લાવતાં એ પૈસા પણ બચાવી શકે છે. ફોન હોય એટલે આવું બધું બની શકે એટલે એકતો તારે તૈયારી રાખવાની અને ફોન સાચવવાની જવાબદારી સ્વીકારવી!

૭. આ ફોનનો ઉપયોગ ક્યારેક કોઇની સાથે ખોટું બોલવા અથવા કોઇને ફસાવવા માટે કરવો નહીં. ઝઘડો થાય તો એક સારો મિત્ર વર્તન કરે એમ જ વર્તજે અને નહીં તો ઝઘડામાં પડતો જ નહીં!

૮. જે વાતનું કોઇને પ્રત્યક્ષ એકાદી વ્યક્તિને કહી શકતો નથી એ વાત. એસ.એમ.એસ., મેઇલ અથવા ફોન કરીને પણ કહીશ નહીં.

૯. એકાદા ફ્રેન્ડની જે વાત તું ખાનગી રાખવાનો છે એને ફોનથી, છૂપા મેઇલથી, વોટ્સએપ કે ફોનથી કોઇને કહેતો નહીં.

૧૦. ફોન પર કોઇ પણ અશ્લીલ સાહિત્ય ઉઘાડવું નહીં. તને તારા કૉલેજની ઇન્ફોર્મેશન શેર કરવા પ્રોજેક્ટ માટે માહિતી જોઇતી હોય તો જરુરથી ફોન-ઇન્ટરનેટ વાપરજે. પણ તને એ સિવાય કોઇ પણ પ્રશ્નો હોય તો મારી કે ડેડી સાથે ખુલ્લાં મને ચર્ચા કરજે.

૧૧. સાર્વજનિક જગ્યો, થિયેટરમં, હોટેલમાં કોઇ પણ વ્યક્તિ સાથે વાત કરતી વખતે ફોન સાયલેન્ટ કર અથવા બંધ કર. પણ એને બાજુમાં મુકી દે. સામેવાળી વ્યક્તિ આપણી સાથે વાત કરતી હોય અને આપણે ફોન સાથે રમતાં હોઇએ એ ઉદ્ધતપણાની નિશાની છે. સિવાય આયફોન એ બોલવા માટે વપરાતું એક સાધન છે એ યાદ રાખ. એ બીજાને ઇમ્પ્રેસ કરવા કે સ્ટેટસ સિમ્બોલ નથી એ યાદ રાખ...

૧૨. તારા અથવા બીજા કોઇ છોકરા-છોકરીના અંગત અંગોના ફોટા પાડીને શેર કરતો નહીં. હસીશ નહીં! મને ખબર છે કે તને બધી ખબર છે પણ છતાંય તને કયારેક આવી ઇચ્છા થઇ શકે છે. સાયબર સ્પેર એ બહુ મોટી જગ્યા છે અને અહીં એકવાર આવેલ દરેક વાત, ફોટો, કોમેન્ટ્સ કાયમ અહીંયા જ રહે છે. અને એકાદી આવી વાતથી તારું કરિયર અને જીવન બર્બાદ થઇ શકે છે.

૧૩. ખાલીખાલી હજારો ફોટો અને વીડિયો ઉતારવાની દોડાદોડીમાં પડીશ નહીં. પ્રત્યેક વાતો કંઇ ફોટા ફાડીને સાચવી રાખવા જેવી મહત્ત્વની નથી હોતી. એના કરતાં એ ક્ષણને મનમુકીને એન્જોય કર, એ તને કાયમ માટે યાદ રહેશે.

૧૪. ક્યારેક ફોન ઘરે મૂકીને બહાર નીકળ. ફોન સાથે નથી એટલે કંઇક ખૂટે છે, કંઇક રહી જાય છે એવું ફીલ કરીશ નહીં. ફોન ન લઇ જવાની કોઇક વસ્તુ મિસ થશે, તો એને થવા દે. પણ એ સમયમાં જે મળે છે એ કદાચ પેલાં 'ફિઅર ઑફ મિસીંગ આઉટ' કરતાં વધારે હશે.

૧૫. બધાં જે ચિલાચાલુ ફિલ્મી ગીતો સાંભળે છે એના કરતાં કંઇ અલગ સાંભળ. શાસ્ત્રીય સંગીત સાંભળ. આજે નેટ પર એટલું બધું સંગીત સહજ ઉપલબ્ધ છે એનો ફાયદો લે.

૧૬. મગજને કસનારાં કોયડા, ગેમ કે ક્રોસવર્ડ રમતો જા.

૧૭. આંખો કાયમ ખૂલ્લી રાખ. બારી બહારનું અલગ વિશ્વ છે એને માણ. પક્ષીઓનો અવાજ, વરસાદનું પાણી હાથ પર લઇને જો, ચાલવા નીકળ, ગુગલ સિવાયની વસ્તુમાં જે મજા છે એને માણતો થા.

૧૮. મને ખબર છે તું આમાંના કેટલાંક નિયમો તોડીશ. પછી હું ફોન લઇ લઇશ. આપણે એ વાતની બેસીને ચર્ચા કરીશું. હું તને ફોન પાછો આપીશ અને આપણે ફરી એક નવી શરુઆત કરીશું...

કેમ, ચાલશે ને? આયફોન સાથે કેવી રીતે વર્તવું એ પહેલીવાર શીખે છે, એમ મારો પણ આ પ્રથમ જ પ્રયત્ન છે. મને આશા છે કે તને આ બધી કંડિશન માન્ય જ હશે. આમાંથી મોટાભાગની શરતો ફક્ત આયફોન વિશે જ હોવા છતાં એ જિંદગીને પણ લાગું પડે છે. તું અને તારી આજુબાજુની વસ્તુઓ રોજ બદલાય છે, રોજ વૃદ્ધિ પામે છે, આ બધું બહું એકસાઇટેડ હોવા સાથે કોમ્પ્લિકેટેડ પણ છે...

બને ત્યાં સુધી શક્ય એટલી વાતો સહેલી અને સાદાઇથી રાખવાનો પ્રયત્ન કરીશ. અને સૌથી મહત્ત્વનું એટલે કોઇ પણ ટેકનોલોજી કરતાં તારું મન અને બુદ્ધિ એના પર વધુ વિશ્વાસ રાખ. તારા નવાં આયફોન માટે અનેક શુભેચ્છાઓ...

આજે બજારમાં રોજ ઠલવાતાં નવાં ફોનથી જયાં મન વિચલીત થાય છે, અને હજું થોડા દિવસ રાહ જોઇ હોત તો? કરી જીવ બાળતો આજનો યુવાન જાણે મોબાઇલ થઇ ગયો છે... કેટલીક શરતો આમાં હજી ઉમેરી શકાય એવી છે, પણ ટીનેજર્સને મોબાઇલ આપી છૂટા મુકી દેવાં એટલે વાંદરાને નિસરણી આપવા સમાન છે!!

ચૂંટલો :

વાત વાતમાં મોબાઇલ અને એની એપ્સ સાથે રમીને સતત માથું ઝુકાવી મચેલાં રહેતા યંગસ્ટર્સ એટલું જરુર સમજી લે કે રોજ રોજ મોબાઇલમાં સ્ટેટસ બદલવાથી જિંદગી નથી બદલાતી, જિંદગીને બદલવા માટે પોતાનું એક સ્ટેટસ હોવું જરુરી છે!

સ્ત્રી અને ગરીબ પોતાનું મન કોઇ પાસે ખોલતાં નથી, કેમ કે તેની એક માન-મર્યાદા હોય છે, જેનું તેમને અભિમાન હોય છે, એ અભિમાનના બળે સ્ત્રી ધણીના જુલ્મો અને બળજબરી સહન કરે છે અને ગરીબ માણસ ધનવાનના અપમાન અને અત્યાચારો સહન કરે છે

નવાં કલેવર
- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

'ભૂત ભોળાને ભરમાવે છે. પણ પટલાણી ભોળી નથી. એ ભૂતની વાત સાંભળીને ભડકી ગઇ.' તું રહ્યો ભૂત, પ્રેમબ્રેમની વાતમાં તને શું ખબર પડે.'

'પ્રેમ અંગે જેટલું ભૂત જાણે છે એટલું બીજું કોઇ જાણતું નથી. માણસ તો બિલકુલ નહીં. તેનું કારણ એવું છે કે માણસ બીજાને પ્રેમ કરતો જ નથી. માં-બાપને, બાળકોને કે પત્નીને કોઇ ને પણ નહીં. માણસ ફક્ત પોતાને જ પ્રેમ કરે છે. પટલાણી તું એ વાત નહીં માને પણ ખરેખર તારો પટેલ પણ પોતાની જાતને પ્રેમ કરે છે તને નહીં.' ભૂતે કહ્યું.

આ સાંભળી પટલાણી ગુસ્સે થવાને બદલે બચાવમં આવી ગઇ. અને બોલી, 'તું ભૂત હોય તારા ઘરનો, બીજાંની બાબતમાં આવું કહેવાનો તને કોઇ હક્ક નથી. હું તો તારી વાત બિલકુલ માનતી નથી. મને એમ થાય છે કે તને ભગાડી મૂકું.'

'હાં, પટલાણી તું મને ભગાડી શકે છે. પણ તું મને કહે તે પહેલાં જ હું ખુદ જતો રહીશ. કોઇને કોઇ છુપી ઇચ્છા પડેલી હોય છે. જે તે કોઇને કહેતી નથી. પોતાના ધણીને પણ નહીં. સ્ત્રી અને ગરીબ પોતાનું મન કોઇ પાસે ખોલતાં નથી. કેમ કે તેની એક માન-મર્યાદા હોય છે. જેનું તેમને અભિમાન હોય છે. એ અભિમાનના બળે સ્ત્રી ધણીના જુલ્મો અને બળજબરી સહન કરે છે અને ગરીબ માણસ ધનવાનના અપમાન અને અત્યાચારો સહન કરે છે. જયારે કોઇ પતિ તેની પત્નીને પ્રેમ કરે છે ત્યારે તેની એ ફરજ બને છે કે પત્નીને તેના મનની વાત પુછે અને તે પુરી કરે. પટલાણી તારા મનમાં ક્યારની ઝુમ્મરની એક જોડ મેળવવાની ઇચ્છા દબાયેલી પડી હતી. જે અંગે તે કોઇને કહ્યું નહીં, ને કોઇએ તને પુછ્યું નહીં. ખરું કે નહીં બોલ.'

ઝુમ્મરની વાત આવતાં જ પટલાણી ને સંકોચ થયો. તે બોલી, 'તને મારા મનની વાતની ક્યાંથી ખબર.'

ભૂતે કહ્યુ, 'હું ભૂત છું દરેકના મનમાં રહું છું. સ્ત્રીના મનમાં તો ખાસ, તેથી તારા મનની વાત હું ન જાણું તો બીજું કોણ જાણે. તારી એકલતા દૂર કરવા તને થોડા સુખનો અનુભવ કરાવવા જ મેં ઝુમ્મર રસ્તામાં નાંખેલું. ભૂતની વાત સાંભળીને પટલાણી ઢીલી ઢસ્સ થઇ ગઇ. બે દિવસમાં તેને ઝુમ્મર પોતાનું હોય એમ લાગવા માંડ્યું હતું. તે જતું રહેશે એ કલ્પનાએ તેને ડરાવી દીધી.'

ભૂતે કહેલું 'ડરીશ નહીં, હું એ ઝુમ્મર તારી પાસે થી પાછું લેવા માંગતો નથી. પણ હું તો બીજું તને આપવા માંગુ છું.' જાદુગરની જેમ ભૂતે પોતાના હાથ હવામાં હલાવ્યો. અને પછી પટલાણી સામે હાથ રાખી મુઠ્ઠી ખોલી. ભૂતની હથેળીમાં પેલા જેવું જ બીજું ઝુમ્મર હતું. એવું જ ચળકતું અને ઘુઘરીવાળું.

જોઇને પટલાણી ખીલી ઊઠી. તેના ચહેરા પર ઝુમ્મર જેવી જ ચમક આવી ગઇ. ઝુમ્મરને લેવા તેણે પોતાનો હાથ લંબાવ્યો, પણ બીજી જ પળે તે પાછો ખેંચી લીધો.

ભૂતે કહ્યું, 'લઇ લે, ડર નહીં, તારા માટે જ છે.'

પટલાણીએ પોતાના હાથે કાનમાં પહેરેલ ઝુમ્મર ઉતાર્યું અને ભૂતની ખુલ્લી હથેળીમાં મુકી દીધું. બોલી. 'હમણાં જ તે કહ્યું ને કે સ્ત્રી અને ગરીબ ને પોતાની મર્યાદાનું અભિમાન હોય છે. તે વાત બિલકુલ સાચી છે. સ્ત્રીને અનાયાસ કોઇ નાનું સુખ મળે તો તેને નકારતી નથી. મેં પણ એમ જ તારી ઇચ્છા મુજબ થોડીવાર તારી સાથે વાતો કરી. તેમાં મેં તારા પર કોઇ ઉપકાર કર્યો નથી કે તેં મારા પર, રસ્તામાં પડેલ નાની કોઇ બિનવારસી ચીજ મળી જાય તો તેને ઉઠાવી લેવામાં ગરીબને કોઇ સંકોચ થતો નથી. હાં કોઇ પાસે માંગીને લેતાં કે કોઇનું આપેલું લેતાં એ જરુર વિચાર ન કરે. એક પળ નો પણ વિલંબ કર્યા વગર એ ચીજ તેને પાછી આપી દે છે. કેમ કે સ્ત્રી અને ગરીબની લાલચ તેના નસીબમાં લખેલાં સુખની જેમ મામૂલી હોય છે.'

ભૂતનો ચહેરો ઉતરી ગયો. એ પછી કંઇ પણ કહેવા માટે કે ત્યાં રોકાવા માટે તેની પાસે કોઇ કારણ રહ્યું ન હતું.

'સરરર...' અવાજ સાથે ભૂત હવામાં ઓગળી ગયો. જાણે કે એ ત્યાં હતો જ નહીં. ભૂત ને કાયા નથી હોતી અને દેવને છાયા નથી હોતી.

ખાટલા પર સુતેલી પટલાણી પોતાના સૂના ઘર અને ખુલ્લા બારણાંને તાકતી રહી. બીજા પાસે માંગીને મેળવેલા સુખ કરતાં પોતે કમાયેલું દુઃખ લાખ દરજ્જે વધુ શાંતિ આપે છે.

ભૂત પણ બીજું કંઇ નથી. ફક્ત માનવની એકલતામાં મનમાં રહેલો ભ્રમ હોય છે. માણસના મનમાં રહેલો ભય કે ડર ભૂત બતાવે છે અને તેની કામના-વાસના દેવતા બનાવી દે છે. ભૂત કોઇ ઝાડ, પીપળા કે ખંડેરોમાં રહેતા નથી. એ માનવના અવચેતન મનમાં રહે છે. માણસ તેને જયારે બોલાવે ત્યારે એ પ્રગટ થાય છે. અને જયારે ભગાડે ત્યારે ગાયબ થઇ જાય છે.

આ તરફ ભૂત હવામાં ઓગળી ગયો તો બીજી તરફ પટલાણીના મગજમાંથી ઝુમ્મર અને ભૂતને લગતી બધી વાતો એકદમ ઊડી ગઇ.

દરવાજાની બહાર પટેલના જોડાનો અવાજ સંભલાતા એ ખાટલા પરથી ઊભી થઇ અને ઝટ દઇને પાણી લેવા દોડી.

ગમે તે હોય પણ આ ઝુમ્મર ચીજ જ એવી છે. મળે, ન મળે કે મળીને ખોવાઇ જાય તો પણ તેની ઇચ્છા સ્ત્રીના મનમાં ઊંડે ઊંડે રહી જાય છે.

બીજે દિવસે બપોરે પટલાણી ખેતરેથી એજ રસ્તે ગામમાં આવતી હતી. ધુળીયો મારગ ને તેમાં પગમાં ખૂંચે એવા કાંકરા-પથરાં રઝળતા હતા. સાંજના ઢળતા સુરજના કિરણોમાં એ હીરા જેવા ચમકતા હતા. પટલાણી વિચારવા લાગી. 'ભગવાન આટલા કાંકરાને પથરા આમ રઝળે છે તેની વચ્ચે કોઇ એક ઝુમ્મર પડેલું મળી જાત તો કેવું.'

(સમાપ્ત)

માગવાનું નહીં, આપવાનું નામ એટલે પ્રેમ

તમે કોઈને કશું પણ આપો છો અને બદલામાં કશાયની અપેક્ષા રાખતા નથી ત્યારે એને શુદ્ધત્તમ પ્રેમ જ કહી શકાય, પરંતુ જો તમે કોઈને કશુંક આપો અને પછી કશાક બદલાની અપેક્ષા રાખો છો તો એ તો વેપાર અથવા વેપારમાં રોકાણ કર્યું કહેવાય

ગુલમહોર
- દિનેશ દેસાઇ

ઓશોએ એક વાર કહ્યું હતું કે તમે કોઈને પ્રેમ આપો, આદર આપો, સન્માન આપો અને લાગણી આપો ત્યારે હંમેશા એવી અપેક્ષા રાખવી જોઈએ નહીં કે તમને પણ કોઈ એટલું જ પ્રેમ કરે, એટલી જ લાગણી પાછી મળે અને એટલો જ આદર તથા સન્માન મળે. આપવાનું કામ તમારું છે. પાછું મેળવવાનું કામ તમારું નથી.

ખુબ સરસ વાત છે. પ્રકૃતિ આપણને આ જ શીખવે છે. ઝરણું અને નદી કહે છે કે વહેતાં રહો અને સૌ કોઈની તરસ છીપાવતાં રહો. જળનું કર્મ વહન છે અને આપવું તેનો જાણે ગુણધર્મ છે. પહાડ જીવનમાં ઊંચાઈ પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે. આ સિવાય પણ પહાડ તો ઘણી બધી ખનીજ, વનસ્પતિ, જડીબુટ્ટી વગેરે પણ આપે જ છે. વૃક્ષ શીતળ છાયો અને ફળ, ફૂલ પણ આપે છે અને જયારે પોતે સૂકાઈને જીવનલીલા સંકેલી લે છે ત્યારે ઈમારતી લાકડું પણ આપે છે. પ્રકૃતિનાં દરેક તત્વો આપણને આપ્યાં પછી બદલામાં કશાયની અપેક્ષા રાખતા નથી.

આપીને ભુલી જવું એવો સ્વભાવ આપણને પ્રકૃતિ શીખવે છે. બદલો લેવો કે બદલો વાળવો, એવી બાબતોથી આપણે દૂર રહેવાનું છે. યાચક અથવા ભિક્ષામાં કશુંક માગવાનું કામ તમારું નથી. આપીને ભુલી જવું એ ઘણું અઘરું છે. ઉપકારનો પણ અહંકાર ન રહે એ સાધુવાદની નિશાની છે. બધાયને આવી સાધુત્વની પરાકાષ્ઠા પ્રાઝ્ઝ થઈ શકતી નથી. દરેક વ્યક્તિ આજના સમયમાં જાણે ગરજવાન બનતી ગઈ છે. દરેકને બીજા પાસેથી કશુંક મેળવવું છે અને પ્રાઝ્ઝ કરવું છે. કોઈને પોતાના ખિસ્સામાં કે વોલેટપાકિટમાં હાથ નાખવો નથી.

જો તમે કોઈને કશું પણ આપો છો અને બદલામાં કશાયની અપેક્ષા રાખતા નથી ત્યારે એને શુદ્ધતમ પ્રેમ જ કહી શકાય. પરંતુ જો તમે કોઈને કશુંક આપો અને પછી કશાક બદલાની અપેક્ષા રાખો છો તો એ તો વેપાર અથવા વેપારમાં રોકાણ કર્યું કહેવાય. એવો વ્યવહાર પ્રેમ તો ન જ હોઈ શકે.

એક સરસ મજાનું દ્રષ્ટાન્ત છે. એક સામાન્ય વસાહતમાં એક પરિવારની પડોશમાં રહેવા માટે બીજો એક પરિવાર આવ્યો. નવા પરિવારમાં પતિપત્ની અને બે સંતાન હતા. એ લોકો પોતાના ઘરનો કચરો ભેગો કરીને ઘર બહાર જમા કરતા હતા. થોડોક પવન કે વંટોળ હોય ત્યારે આ કચરો જૂના પરિવારના ઘર તરફ અને ઘરના ચોગાનમાં પણ ડીને જમા થવા લાગ્યો. એટલું જ નહીં, જૂના પરિવારના લોકોને નવા રહેવા આવેલા પરિવારની ઉભી કરેલી ગંદકીના કારણે દુર્ગંધ પણ આવવા લાગી હતી.

જૂના પરિવારમાં પણ પતિપત્ની અને બે સંતાન હતાં. બેઉ બાળકોએ માતાપિતાને કહ્યું કે તમે પડોશીને જઈને સમજાવો કે કચરો ગંદકી ન કરે, આપણને તકલીફ પડી રહી છે. પરંતુ સહિષ્ણુ માતાપિતાએ એમ ન કર્યું.

એક રવિવારે સવારના સમયે માબાપે પોતાનાં સંતાનોને કહ્યું કે, એક કામ કરો. આપણા ઘર બહારના ચોગાનમાં આપણે જે બગીચો તૈયાર કર્યો છે, એમાંના ફૂલછોડમાંથી સરસ મજાના ફૂલો ચૂંટી લાવો અને તેમાંથી આકર્ષક ગુલદસ્તો તૈયાર કરી આપો.

બાળકોએ તો માબાપની સૂચના પ્રમાણે પોતના ઘર બહાર આવેલા નાનકડા બગીચામાં જઈને સોનેરી તકડામાં સ્મિત ફરકાવતાં જુદાં જુદાં ફૂલોને ચૂંટી લીધા. બસ થોડા જ સમયમાં બાળકોએ માબાપની મદદથી સરસ મજાનો સુગંધીદાર ગુલદસ્તો બનાવ્યો. સવારના સમયે જ માબાપ તેમનાં સંતાનોને સાથે લઈને પડોશમાં નવા રહેવા આવેલા પરિવારના ઘરે ગયાં અને ડોરબેલ વગાડ્યો.

નવા પડોશીએ ઘરનો દરવાજો ખોલતા આવકાર આપ્યો : ઓહ, તમે તો અમારી બાજુમાં જ રહો છો ને... આવો, આવો. વેલકમ.

બેઉ પરિવાર એકબીજાને ચહેરાથી તો ઓળખતા જ હતા. જૂના પડોશી યુગલે પોતાની સાથે લાવેલો સુગંધીદાર ગુલદસ્તો નવા પડોશી યુગલના હાથમાં આપ્યો. ગુલદસ્તાની સુગંધથી સમગ્ર ઓરડો ભરાઈ ગયો.

નવા પડોશીએ વિવેક ખાતર કહ્યું કે, ગુલદસ્તો લઈને આવવાની શી જરુર હતી. ખેર, સુગંધીદાર ભેટ આપવા બદલ આપનો ધન્યવાદ.

જૂના પડોશી પ્રતિભાવમાં એટલું જ બોલ્યા કે, આ તો અમારી પાસે સરસ મજાનો બગીચો છે અને એમાં જુદાં જુદાં રંગબેરંગી સુગંધીદાર ફૂલો રોજ ખીલતાં રહે છે. એને ચૂંટીને જ અમે ગુલદસ્તો બનાવ્યો છે. અમારી પાસે ઘર બહારના ચોગાનમાં બગીચો છે, એટલે અમે તમને ફૂલો જ આપી શકીએ ને.

આ વાત સાંભળીને નવા પડોશી પતિપત્ની શરમાઈ ગયાં. તેમને પોતાની ભુલનો અહેસાસ થઈ ગયો કે આ પડોશી પોતાની ગંદકી કરવાની વૃત્તિ અને કચરાના ઢગ ખડકવાની ટેવને લઈને કટાક્ષ કરી રહ્યા છે.

નવા પડોશ